# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 22-02-2026 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## PM-મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ઇન્ડિયા A.I. ઇમ્પેક્ટ સંમેલન ભવિષ્યમાં યંત્ર સંબંધિત બુદ્ધિમત્તાના ઉપયોગની દિશામાં મહત્વનું પગલું સાબિત થઈ શકે છે. આકાશવાણી પરથી પ્રસારિત થયેલા "મન કી બાત" કાર્યક્રમમાં શ્રી મોદીએ કહ્યું, આ સંમેલન માટે નવી દિલ્હીમાં અનેક દેશના નેતા, ઉદ્યોગપતિ, સંશોધકો અને ઉદ્યોગસાહસિકો ઉપસ્થિત રહ્યા.

(BYTE: 1 NARENDRA MODI, PRIME MINISTER) – AI SUMMIT)

પ્રધાનમંત્રીએ "મન કી બાત"માં ડિજિટલ ધરપકડ અને ડિજિટલ છેતરપિંડી પર ચર્ચા કર્યા બાદ જાગૃતિ વધી હોવાનું જણાવ્યું. તેમણે લોકોને ઓટીપી, આધાર નંબર કે બૅન્ક ખાતાની માહિતી કોઈની પણ સાથે શેર ન કરવા તેમજ પાસવર્ડ બદલતા રહેવાની સલાહ આપી.

પ્રધાનમંત્રીએ રમઝાન મહિના અને આગામી હોળીના તહેવારની પણ દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી. સાથે જ તેમણે વૉકલ ફૉર લોકલના મંત્રનો પુનરોચ્ચાર કરતા કહ્યું, સ્વદેશી ચીજવસ્તુઓની ખરીદી દેશને આત્મનિર્ભર બનાવવામાં મદદરૂપ થશે.

શ્રી મોદીએ હાલના દિવસોમાં વિદ્યાર્થીઓ કોઈ પણ તણાવ વગર સંપૂર્ણ સમર્થન સાથે પરીક્ષાની તૈયારીઓ કરી રહ્યા હોવાની આશા વ્યક્ત કરી. તેમણે કહ્યું, માત્ર ગુણપત્રક જ વિદ્યાર્થીઓનું મૂલ્ય નિર્ધારીત ન કરી શકે. સાથે જ શ્રી મોદીએ તમામ વિદ્યાર્થીઓ પોતાની પરીક્ષાઓમાં સફળ થાય અને અનેક ઉંચાઈઓ સુધી પહોંચે તેવી શુભેચ્છાઓ પણ પાઠવી.

(BYTE 2)

મન કી બાતને આવરી લેતું કચ્છી બુલેટિન આજે સાંજે 7 વાગીને 5 મિનિટે આકાશવાણી ભુજ પરથી પ્રસારીત થશે.

---

## રાજ્ય પોલીસ વડા કચ્છ મુલાકાત:

કચ્છમાં કમયદો વ્યસ્થાની સમીક્ષા માટે બે દિવસીય મુલાકાતે આવેલા ડીજીપી કે. એલ. એન. રાવનું પ્રથમ ભુજ ખાતે સન્માન કર્યા બાદ ગઈકાલે સાજે તેઓ નલિયા પહોંચ્યા હતા. જયાં અબડાસા તાલુકાના પોલીસ કર્મચારીઓ સાથે ભોજન તેમજ પરિસંવાદ દરમિયાન નલિયા પોલીસ સ્ટેશન દત્તક લેવાની અને રમત-ગમતની પ્રવૃત્તિઓ માટે ૫ લાખ રૂપિયા ફાળવવાની જાહેરાત કરી હતી. નલિયા એરફોર્સ ખાતે રાત્રિ રોકાણ બાદ આજે સવારથી અલગ-અલગ દરિયાઈ વિસ્તારમાં તેઓ સમીક્ષા માટે પહોંચ્યા હતા.

---------------------------------------------------------------------------------------------

## ગુજરાત સાહિત્ય અકાદમી સન્માન સમારોહ:

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ ૨૦૨૪ના સાહિત્ય ગોરવ પુરસ્કાર અને શ્રેષ્ટ પુસ્તક પારિતોષિક એનાયત સમારોહ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ગાંધીનગર ખાતે યોજાયો હતો. કચ્છી સાહિત્ય ગૌરવ પુરસ્કાર માવજી મહેશ્વરી અને યુવા ગૌરવ પુરસ્કાર અજય સોની,કચ્છી યુવા ગૌરવ પુરસ્કાર દીપક નંદા, સંશોધન સ્વરૂપના શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક માટે સંજય પી ઠાકર અને પુસ્તક વિવેચનમાં નિયતી અંતાણીને સન્માનિત કરાયા હતા.

---------------------------------------------------------------------------------------------

## નવી વાજબી ભાવની દુકાનોને બહાલી:

જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લાના અંતરિયાળ અને જરૂરિયાતમંદ વિસ્તારોમાં રાશનની સુવિધા સુદ્રઢ બનાવવા માટે કુલ 9 નવી વાજબી ભાવની દુકાનોને બહાલી આપવામાં આવી હતી. જેમાં મુન્દ્રા તાલુકાની મુન્દ્રા-7, ભુજ ખાવડા વિસ્તાર ની તુગા,

લખપતની સારણ, રાપરની કાનમેર તેમજ ભચાઉ તાલુકાની જનાણ, અમરાપર, નાની ચીરઈ, નંદગામ અને આધોઈ-1 નો સમાવેશ થાય છે. આ નવી દુકાનો શરૂ થવાથી સ્થાનિક નાગરિકોને રાશન મેળવવામાં વધુ સરળતા રહેશે.

---

## ક્રિકેટ:

ICC ટી-20 ક્રિકેટ વિશ્વકપના સુપર આઠ તબક્કામાં ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે આજે મુકાબલો થશે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સાંજે સાત વાગ્યે આ મૅચ શરૂ થશે.

ભારતીય ટીમ ચાર મેચ જીતીને પોતાના ગૃપમાં ટોચના સ્થાને રહી છે. અમેરિકાને હરાવ્યા બાદ ભારતે નામીબિયાને હરાવ્યું. જ્યારે ભારતે પાકિસ્તાનને 61 રનથી મ્હાત આપી હતી. પોતાની અંતિમ ગૃપ મેચમાં નૅધરલેન્ડ્સને 17 રનથી હરાવ્યું હતું.

---